# BUSINESS મિત્ર

**શેરબજારમાં સતત ત્રીજા દિવસે મજબૂતાઇ: ઇન્ટ્રાડેમાં સેન્સેક્સે 77000 અને નિફ્ટી 23850 પોઇન્ટની સપાટી કુદાવી**

# શેરબજારમાં ચોતરફ તેજી: રોકાણકારોની મિલકતમાં 5.5 લાખ કરોડનો ઉછાળો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 18:** ભારતીય શેરબજારમાં સપ્તાહની શરૂઆતથી રીકવરી સાથે તેજીની ચાલ જોવા મળી રહી છે, જે આજ સતત ત્રીજા દિવસે શેરબજારમાં તેજીનો દોર આગળ વધ્યો હતો. જેમાં સેન્સેક્સ 633 પોઇન્ટ અને નિફ્ટી 196 પોઇન્ટ ઉછળ્યા હતા. ઇન્ટ્રાડેમાં સેન્સેક્સે 77000 પોઇન્ટ અને નિફ્ટીએ 23850 પોઇન્ટની સપાટી કુદાવી હતી. આમ, આજે તમામ ક્ષેત્રોમાં લેવાલી રહેતા રોકાણકારોને રૂ. 5.5 લાખ કરોડની કમાણી થઇ હતી.

આજના કારોબારના દિવસ દરમ્યાન તમામ સેકટરો પોઝિટિવ રહ્યા હતા. જેમાં સૌથી વધુ આઇટી, રિયલ્ટી અને ટેલિકોમ શેરોમાં ઉછાળો જોવાયો હતો. જે તમામ સેકટરો 2 ટકા સુધર્યા હતા. જ્યારે કન્ઝયુમર ડયુરેબલ્સ, હોસ્પિટલ, કેપિટલ માર્કેટસ, પીએસયુ બેન્ક અને ઓટો ઇન્ડેક્સ એક ટકાથી વધુ સુધર્યા હતા.

બીએસઇ લિસ્ટેડ કંપનીઓનું કુલ માર્કેટ કેપ વધીને રૂ. 438.81 લાખ કરોડનું હતું. જેમાં 5.51 લાખ કરોડ રૂપિયાનો વધારો થયો છે.

આજે પણ બ્રોડર માર્કેટમાં સુંદર પ્રદર્શન રહ્યું હતું, જેને લાર્જકેપ શેરોને પાછળ છોડી દીધા હતા. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 1.80 ટકા અને સ્મોલકેપ ઇન્ડેક્સ 2.05 ટકા વધ્યો હતો, જેના પરિણામે માર્કેટ બ્રેડથ મજબૂત રહી હતી. બીએસઇ ખાતે 3196 શેરો વધ્યો હતો, જ્યારે 1095 શેરો ઘટયા હતા તથા 146 શેરો યથાવત રહ્યો હતો.

મીડિયા શેરોમાં લેવાલીએ નિફ્ટી મીડિયા ઇન્ડેક્સ 3.35 ટકા વધ્યો હતો. જેમાં નઝારા ટેકનો, સન ટીવી, નેટવર્ક 18 મીડિયા, ટીપ્સ મ્યુઝીક, પ્રાઇમ ફોકસ, ડીબી કોર્પ, હેથવે કેબલ, ઝી એન્ટર, પીવીઆર વધ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુરોપિયન યુનિયનના ફુગાવાના ડેટાની રાહ જોવાઇ રહી છે, તમજ યુરોપિયન સેન્ટ્રલ બેન્ક, બેન્ક ઓફ ઇંગ્લેન્ડ, સ્વીસ બેન્કના નીતિગત નિર્ણયો પર રોકાણકારો રાહ જોઇ રહ્યા છે. જે પુર્વે યુરોપિયન બજારોમાં નીચેથી સુધારો જોવા મળ્યો હતો. આ ઉપરાંત, ફેડરલ રિઝર્વના વ્યાજદરના નિર્ણયની રાહ જોવાઇ રહી છે, તે પુર્વે એશિયન બજારો પણ સુધારા સાથે બંધ રહ્યા હતા. બજારોની અપેક્ષા છે કે, ફેડરેટમાં કોઇ ફેરફાર થશે નહીં, અને વ્યાજદર સ્થિર રાખશે. જ્યારે ડેટા ફ્રન્ટમાં જાપાનની નિકાસ વાર્ષિક ધોરણે 4.2 ટકા વધી છે, જેની એશિયન બજારોમાં પોઝિટિવ અસર જોવાઇ હતી.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.28 ટકા, કેક 0.92 ટકા અને ડેક્સ 0.68 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે.

## રૂપિયો નવી નીચી ઐતિહાસિક સપાટીએ

| ફોરેક્સ બજાર | |
|---|---|
| ડોલર | 92.63 રૂ. |
| યુરો | 106.47 રૂ. |
| પાઉન્ડ | 123.50 રૂ. |
| યેન | 0.5824 રૂ. |

બે દિવસના નજીવા સુધારા બાદ આજે રૂપિયો નવી નીચી ઐતિહાસિક સપાટીએ પહોંચી ગયો હતો. આજે કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો 25 પૈસા તૂટીને 82.63ની નવી નીચી ઐતિહાસિક સપાટીએ પહોંચી ગયો છે. જે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 92.38ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 106.47, પાઉન્ડ 123.50, કેનેડિયન ડોલર 67.61, ઓસ્ટ્રેલિયન ડોલર 65.76, જાપાનીઝ યેન 0.5824 અને સીંગાપોર ડોલર 72.36ના સ્તરે બંધ રહ્યા હતા.

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 633.29 | 76704.13 |
| નિફ્ટી | 196.65 | 23777.80 |
| બેન્ક નિફ્ટી | 450.05 | 55326.05 |

**નિફ્ટી – ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| જિયો ફાઇનાન્સીયલ | 4.46 | 248.20 |
| ઇટર્નલ | 3.37 | 242.54 |
| ટેક મહિન્દ્રા | 3.23 | 1385.20 |
| ઇન્ફોસીસ | 2.77 | 1267.10 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 2.74 | 3214.60 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| કોલ ઇન્ડિયા | 1.53 | 455.20 |
| એનટીપીસી | 1.27 | 378.50 |
| એચયુએલ | 1.06 | 2135.30 |
| સીપલા | 1.05 | 1268.50 |
| સન ફાર્મા | 0.90 | 1778.30 |

**સેન્સેક્સ – ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇટર્નલ | 3.37 | 242.60 |
| ટેક મહિન્દ્રા | 3.27 | 1386.35 |
| ઇન્ફોસીસ | 2.84 | 1267.45 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 2.68 | 3214.50 |
| એચસીએલ ટેકનો | 2.62 | 1355.60 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એનટીપીસી | 1.29 | 378.50 |
| એચયુએલ | 1.04 | 2136.15 |
| સન ફાર્મા | 0.87 | 1780.00 |
| એચડીએફસી બેન્ક | 0.34 | 842.95 |
| આઇટીસી | 0.30 | 304.05 |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૧૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૩૩ | ૫૦/૩૬ '' | ૧૨૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૨૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૩૮ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૮૫ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૧૪.૫૦ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૬૧ |
| ૬૮/૩૬ | ૧૧૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૨ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૧૮ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૧૨ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૧૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૧૩ | ૮૦/૭૨ રોટો | ૧૨૦ | ૭૫ ક્રિમ્પ | ૧૧૬ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૫૮ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૨૯ | ૮૦ ક્રિમ્પ | ૧૧૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૧૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૨૯ | ૮૦/૭૨ રોટો | ૧૧૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૧૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૨ | ૮૦/૧૦૮ '' | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૧૬ |

# ગોલ્ડ-સિલ્વર ETFમાં રોકાણકારોના 40% નાણાં ધોવાયા

**જાન્યુઆરીની તેજીમાં રોકાણ કરનારા પસ્ત, ચાંદીના ETFમાં રૂ.125 સુધીનું તોતિંગ ગાબડું**

મુંબઇ, તા. 18 છેલ્લા કેટલાક મહિનામાં સોના અને ચાંદીના ભાવમાં નોંધપાત્ર ઘટાડો થયો છે, જેના કારણે ગોલ્ડ-સિલ્વર ETFના ભાવમાં તીવ્ર ઘટાડો થયો છે. ચાંદી તેના રેકોર્ડ ઉચ્ચ સ્તરથી ઝડપથી નીચે આવી ગઇ છે.

થોડા જ મહિના પહેલા સોનું અને ચાંદી ખરીદવાની ઘણી ચર્ચા હતી. દરેક નાના કે મોટા રોકાણકારને તેમાં રોકાણ કરવું સલામત અને વધુ વળતર આપતું જણાઇ રહ્યું હતું. તેને કારણે શેરબજારમાં કે ફિક્સ ડિપોઝિટમાં રોકેલા નાણાં પણ લોકોએ બહાર કાઢી ગોલ્ડ અને સિલ્વર ઇટીએફમાં રોક્યા હતા.

જેમણે જાન્યુઆરીમાં તેમાં રોકાણ કર્યું હોય અને હજુ પણ તેમની પાસે તે ઇટીએફ હોય તો તેમના નાણા ફસાઇ ગયા છે. કેમકે જાન્યુઆરીથી અત્યારસુધીમાં ETF ના મૂલ્યમાં ઘણો ઘટાડો જોવાયો છે.

સામાન્યરીતે યુદ્ધ લોકોને સલામત રોકાણ તરફ લઇ જાય છે. પરંતુ આ યુદ્ધને કારણે સોના અને ચાંદીના ભાવમાં ઘટાડો આવ્યો છે. તેને કારણે ગોલ્ડ - સિલ્વર ETFs માં પણ ઘટાડો જોવા મળ્યો છે. નિષ્ણાતના જણાવ્યા પ્રમાણે સોના અને ચાંદીના ભાવમાં ઘટાડો ડોલરમાં જોવાયેલી મજબૂતીને કારણે આવ્યો છે.

ડોલરમાં તેજીનું કારણ જોઇએ તો, હોર્મુજ સ્ટ્રેટ બંધ હોવાને કારણે તેલની કિંમતોમાં વધારો થયો છે.

**રેકોર્ડ હાઇથી કેટલા નીચા આવ્યા ગોલ્ડ અને સિલ્વર ઇટીએફ**

29 જાન્યુઆરીના રોજ નિપ્પોન ઇન્ડિયા સિલ્વર ETF રૂ. 360 પર હતો, જ્યાંથી તે લગભગ 40 ટકા ઘટીને રૂ. 235 પર આવી ગયો.

નિપ્પોન ઇન્ડિયા ગોલ્ડ ETF 29 જાન્યુઆરીના રોજ તેના રેકોર્ડ ઊંચા ભાવ રૂ. 148 થી 15% ઘટીને રૂ. 127 પર ટ્રેડ થઇ રહ્યો છે.

તેવી જ રીતે ટાટા સિલ્વર ETF માં 32%, ICICI સિલ્વર ETF માં લગભગ 35%, ટાટા ગોલ્ડ ETF અને ICICI ગોલ્ડ ETF માં 15% નો ઘટાડો થયો છે.

**સોનું અને ચાંદી તેમના રેકોર્ડ સ્તરથી કેટલા સસ્તા થયા**

MCX પર ચાંદીનો મહત્તમ દર રૂ. ૪.૨૦ લાખ પ્રતિ કિલો છે અને સોનાનો ભાવ રૂ. ૧.૯૩ લાખ પ્રતિ ૧૦ ગ્રામ છે. ૧૮ માર્ચના રોજ ચાંદીનો ભાવ રૂ. ૨.૫૨ લાખ અને સોનાનો ભાવ રૂ. ૧.૫૫ લાખ હતો. પરિણામે, ચાંદી ૧.૬૮ લાખ અને સોનું રૂ. ૩૮,૦૦૦ સસ્તુ થયું છે.


**ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળ**
પ્રથમ માળ, જુની કલેકટર કચેરી, કણબીવગા, ભરૂચ
ફોન નં.૦૨૬૪૨-૨૨૨૦૭૫

**જાહેર નિવિદા**
**રી-ટેન્ડર નોટીસ નં.૧૪**

ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળ (બૌડા)માં નાણાકીય વ્યવહારનો આવક-ખર્ચ થતો હોવાથી આંતરીક ઓડીટ, ટી.ડી.એસ., ટી.ડી.એસ રીર્ટન ફાઇલ, ઇન્કમટેક્સ રીર્ટન ફાઇલ, તથા ઇન્કમટેક્સને લગતા સલાહ-સુચનો વિગેરે માટે ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળ (બૌડા) ના આંતરીક ઓડીટર/ચાર્ટડ એકાઉન્ટન્ટની નિમણૂંક કરનાર છે. જે અંગેના ટેન્ડર ફોર્મની વિગતો https://gem.gov.in ઉપરથી ડાઉનલોડ કરી તમામ વિગતો ભરી ઓનલાઇન અપલોડ તા.૨૦/૦૩/૨૦૨૬ તા.૦૩/૦૪/૨૦૨૬ના સુધી રહેશે. તેમજ મુખ્ય કારોબારી અધિકારીશ્રી ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળના સરનામે રજીસ્ટર પોસ્ટ/સ્પીડ પોસ્ટથી ફીઝિકલ ડોક્યુમેન્ટ તા.૦૯/૦૪/૨૦૨૬ના રોજ ૧૮:૧૦ કલાક સુધીમાં સીલ બંધ કવરમાં મોકલી આપવાના રહેશે. તેમજ ટેન્ડર તા.૧૦/૦૪/૨૬ ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે ખોલવામાં આવશે.

સહિ/-
મુખ્ય કારોબારી અધિકારીશ્રી
ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળ
માહિતી/ભરૂચ/૮૮૮/૨૦૨૬ ભરૂચ


**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૭૮૭૦ |
| તેજાબી સોનું | ૧૫૭૭૮૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૯૯૭૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૫૪૭૧૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૭૮૭૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૫૧૯૦૦ |
| ચાંદી સિક્કા | ૨૫૩૪૦૦ |

**જથ્થાબંધ ખાંડબજાર** પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-30 | ૪૩૫૦ |
| એસ-30 | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૩૦૦ |
| એસ-30 | ૪૨૫૦ |

**તેલ બજાર સુરત** ૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૭૮૦ | કોપરેલ | ૬૩૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૫૮૦ | વનસ્પતિ ઘી | ૨૩૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૩૦ | સનફ્લાવર | ૨૩૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૩૯૦ | તલતેલ | ૪૯૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૧૫૦ | દિવેલ | ૨૪૯૦ |
| કપાસીયા (૫ લિ.) | ૭૮૦ | મકાઇ તેલ | ૨૩૫૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

**યુદ્ધની આગમાં ભારતીય બ્લુ-ચિપ કંપનીઓનું ધોવાણ**

# વિશ્વની ટોચની 500 કંપનીઓની યાદીમાંથી ભારતની 7 કંપનીઓ બહાર

મુંબઇ, તા. 18 ઇરાન, અમેરિકા અને ઇઝરાયેલ વચ્ચે લંબાયેલા યુદ્ધ અને ક્રૂડ ઓઇલના વધતા ભાવની સીધી અસર ભારતીય દિગ્ગજ કંપનીઓના માર્કેટ કેપ (બજારમૂલ્ય) પર પડી છે. વિદેશી રોકાણકારોની સતત વેચવાલીને કારણે વિશ્વની સૌથી મૂલ્યવાન 500 કંપનીઓની યાદીમાં ભારતનું વર્ચસ્વ ઘટ્યું છે. વિશ્વની ટોચની 500 કંપનીઓની યાદીમાં માર્કેટ કેપની દ્રષ્ટિએ દેશની સૌથી મોટી કંપની રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ હાલમાં ટોચની 500 કંપનીઓમાં 84મા ક્રમે છે, જે 2026 ની શરૂઆતમાં 73મા અને સપ્ટેમ્બર 2024 માં 55મા ક્રમે હતી. તેવી જ રીતે, ખાનગી ક્ષેત્રની સૌથી મોટી ધિરાણકર્તા HDFC બેંક આ વર્ષની શરૂઆતમાં 96મા અને સપ્ટેમ્બર 2024 માં 105મા ક્રમે હતી, જે હવે 148મા ક્રમે છે, જ્યારે ICICI બેંક આ વર્ષની શરૂઆતમાં 168મા ક્રમે હતી, જે 247મા ક્રમે છે. IT ક્ષેત્રમાં, દેશની સૌથી મોટી IT નિકાસકાર TCS આ વર્ષની શરૂઆતમાં 83મા ક્રમે હતી, જે 260માં ક્રમે પાછી ઠેલાઇ ગઇ છે. ઇન્ફોસિસ આ વર્ષની શરૂઆતમાં 197મા ક્રમે હતી અને સપ્ટેમ્બર 2024 માં 205મા ક્રમે હતી, તેનું પણ માર્કેટ કેપ ઘટતા તેનો ક્રમ ઘટીને 481 પર પહોચ્યો છે.

અન્ય મોટી કંપનીઓમાં, બજાજ ફાઇનાન્સનું રેન્કિંગ આ વર્ષની શરૂઆતમાં 438મા અને સપ્ટેમ્બર 2024માં 388મા સ્થાને હતું તે ઘટીને 446મા સ્થાને આવી ગયું છે, જ્યારે HUL આ વર્ષની શરૂઆતમાં 334મા અને સપ્ટેમ્બર 2024માં 248મા સ્થાનેથી ઘટીને 473મા સ્થાને આવી ગયું છે. LIC, જે આ વર્ષની શરૂઆતમાં ટોચના 500માં 326મા સ્થાને અને સપ્ટેમ્બર 2024માં 279મા સ્થાને હતું, તે હવે 486મા સ્થાને છે. L|T પણ આ વર્ષની શરૂઆતમાં 369મા અને સપ્ટેમ્બર 2024માં 363મા સ્થાનેથી ઘટીને 493મા સ્થાને આવી ગયું છે.

**યાદીમાંથી બહાર ફેંકાયેલી કંપનીઓ**

સપ્ટેમ્બર 2024માં ભારતની 18 કંપનીઓ આ યાદીમાં હતી, 2026ની શરૂઆતમાં 15 હતી જે હવે ઘટીને માત્ર 11 રહી ગઇ છે.

## ચાંદીમાં 6000 જ્યારે સોનામાં 1000નો ઘટાડો

નવી દિલ્હી, તા. 18 (પીટીઆઇ): બુધવારે રાષ્ટ્રીય રાજધાનીમાં સ્થાનિક નબળા સેન્ટિમેન્ટને કારણે સોના અને ચાંદીના ભાવમાં મોટો ઘટાડો જોવા મળ્યો હતો. ઓલ ઇન્ડિયા સરાફા એસોસિએશનના જણાવ્યા અનુસાર, ચાંદીના ભાવમાં કિલો દીઠ રૂ.6,000નો જંગી ઘટાડો થયો હતો, જ્યારે સોનું પ્રતિ 10 ગ્રામ રૂ.1,000 ઘટ્યું હતું. ચાંદીની કિંમત 2.28 ટકા ઘટીને રૂ.2,56,500 પ્રતિ કિલો (તમામ ટેક્સ સાથે) પર પહોંચી હતી, જે મંગળવારે રૂ.2,62,500 હતી. બુલિયન માર્કેટમાં 99.9 ટકા શુદ્ધતા ધરાવતું સોનું 0.62 ટકા ઘટીને રૂ.1,60,300 પ્રતિ 10 ગ્રામ પર ટ્રેડ થઇ રહ્યું હતું. અગાઉના દિવસે સોનું રૂ.1,61,300 પર બંધ રહ્યું હતું. વિશ્લેષકોના મતે, વેપારીઓ દ્વારા કરવામાં આવેલી નફા વસુલી અને ફિઝિકલ ડિમાન્ડમાં ઘટાડાને કારણે સોનાના ભાવ દબાયેલા રહ્યા હતા. આંતરરાષ્ટ્રીય બજારમાં સોનું 0.32 ટકા ઘટીને 4,989.65 ડોલર પ્રતિ ઔંસ પર હતું, જ્યારે ચાંદી થોડી મજબૂત થઇને 79.92 ડોલર પર ટ્રેડ થઇ રહી હતી. બજારના નિષ્ણાતો માને છે કે યુએસ ફેડરલ રિઝર્વના વ્યાજ દરો અંગેના આગામી નિર્ણય અને પશ્ચિમ એશિયામાં ભૌગોલિક રાજકીય તણાવને કારણે વધતી જતી મોંઘવારીની ચિંતા વચ્ચે રોકાણકારો અત્યારે સાવધ અભિગમ અપનાવી રહ્યા છે.

## સરકારે નિકાસ કાર્ગો માટે રાહત 31 માર્ચ સુધી લંબાવી

ઇરાન અને અમેરિકા તેમજ ઇઝરાયલ વચ્ચે છેલ્લા ૧૮ દિવસથી ચાલી રહેલા યુદ્ધને કારણે હોર્મુઝ સ્ટ્રેટમાં પસાર થઇ રહેલા કાર્ગોની કામગીરીમાં ચાલી રહેલી તકલીફોને ધ્યાનમાં લઇ સરકારે મંગળવારે નિકાસ કાર્ગો માટે રાહત કાર્યક્રમ 31 માર્ચ સુધી લંબાવ્યો છે.

**સુડોકુ ૪૭૪૬ - 'કૃતિ'**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૬ | ૪ | ૧ | | | | ૨ |
| ૧ | | | ૨ | | ૫ | ૭ | ૬ | ૪ |
| ૨ | ૪ | ૭ | ૯ | | | ૩ | ૧ | ૫ |
| ૪ | | | ૫ | ૯ | ૨ | | ૩ | ૭ |
| | ૫ | | ૧ | ૬ | | ૨ | ૪ | |
| ૬ | ૨ | ૯ | ૭ | | | | ૫ | ૮ |
| ૩ | ૧ | | ૮ | ૫ | ૯ | | | |
| ૯ | ૭ | ૪ | ૬ | | | | | ૩ |
| | | | | | ૪ | ૯ | | ૧ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોકસ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## દાદીમાના નુસખા

**મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ**

**વધરાવળ, હાઇડ્રોસીલ**

ક્યાં તો ઇજા, ક્યાં તો મચ્છરના કરડવાથી રસ ઊતરે તેથી ગોળીઓની કોથળીમા પાણી ભરાઇ સોજો આવે છે. ખાસ્સી અગવડ પડે તેવી સ્થિતિ છે. કાચકાની મીંજ કાઢી દિવેલ સાથે ખરલ કરી તેનો લેપ ગોળીઓ પર કરવો. શિલારસ સાથે વાટીને પણ લેપ બનાવી શકાય છે. કાચકાંની મીંજ પાણી સાથે પીવા પણ આપવી. સોજો ઊતરે છે.

## આજનું પંચાંગ

**તા. 19/03/2026, ગુરુવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1947
**વીર સંવત :** 2552 **માસ :** ફાગણ
**તિથિ:** વદ:અમાવસ:06:54 પછી એકમનાં ક્ષયછે.
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** વસંત
**રાષ્ટ્રિય દિનાંક :** ફાગણ: 28
**નક્ષત્ર :** ઊ.ભા.28:06 **યોગ :** શુક્લ
**કરણ:** કિસ્તુઘ્ન **રાશિ:** મીન (દ.ચ.ઝ.થ.)
**દિવસ :** અશુભ-શાલી વાહન-1948 પરભવ નામ સંવત્સર પ્રારંભ, ચૈત્ર નવરાત્ર પ્રારંભ, ગુડી પડવો
**સુરતમાં સૂર્યોદય :** 06:45 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:48
**નવકારસી :** 07:33
**પારસી વર્ષ :** 1395 આવા માસનો 07મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447, રમજાન માસનો 29મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** શુભ, રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ
**રાત્રિનાં ચોઘડિયાં:** અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત
**રાહુ કાળ:** બપોરે: 13:30 થી 15:00 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** ધાર્મિક સત્સંગમાં જવાનું બને. સમાજ સેવાથી શાંતિ મળે. વિદેશનાં કામમાં પ્રગતિ થાય.
**વૃષભ (બ,વ,ઉ,):** વિજાતિય મિત્રોનો સાથ મળે. પ્રેમમાં ભેટ મળે. ઉત્સાહજનક સમાચાર મળે. આવક વધશે.
**મિથુન (ક,છ,ઘ,):** કેરીયરમાં નવા ફેરફારથી લાભ થાય. સંપતિના સોદા પાર પડે. નવાં વેપારનું આયોજન થાય.
**કર્ક (ડ,હ,):** શિક્ષણ સાહિત્ય, વિદેશ, પર્યટન, આયાત-નિકાસ, કાયદા કાનૂન સાથે જોડાયેલને ભાગ્યનો સાથ.
**સિંહ (મ,ટ,):** સરકારી કામમાં ગતિ આવે. સરકારી યોજનાનો લાભ મળે. આરોગ્ય નરમ રહે. ધર્મ-કર્મ થાય.
**કન્યા (પ,ઠ,ણ,):** નવી ભાગીદારીની યોજના પાર પડે. નવા વેપાર-ધંધાની શરૂઆત થાય. આવક વધશે.
**તુલા (ર,ત,):** નોકરીમાં નવી તક ઊભી થાય. ધંધામાં ઉધાર લેવા-દેવાનું ટાળવું. ખર્ચા વધશે.
**વૃશ્ચિક (ન,ય,):** વિદ્યાર્થીઓને પરીક્ષામાં સફળતા મળે. પ્રેમમાં મળે. મિત્રોની સલાહથી નવાં રોકાણથી લાભ થાય.
**ધન (ભ,ધ,ફ,ઢ,):** નવા ઘર, વાહન, માટે યોજના પાર પડે. પ્રવાસ તથા સરકારી કામમાં પ્રગતિ થાય. અચાનક તક મળે.
**મકર (ખ,જ,):** દલાલી, ભાડા, ટયુશન તથા માર્કેટીંગના કામમાં આવક વધશે. ટેકનોલોજીને લગતાં કામમાં આવક વધે.
**કુંભ (ગ,સ,શ,ષ,):** ઉઘરાણી આવી શકે છે. ઘરમાં ઉત્સવ જેવું વાતાવરણ રહે. વારસાનાં કામમાં પ્રગતિ થાય.
**મીન (દ,ચ,ઝ,થ,):** શુભ સમાચાર મળે. આવક વધે. નવા કામમાં પ્રગતિ થાય. સમાજમાં યશ મળે.

**કોઇ પણ સાલમાં 19 માર્ચે જન્મેલાનું વર્ષ ફળ**

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહજનક રહે. પણ નવા ફેરફાર નવી જવાબદારી અને કાર્યબોજ વધારે-કામના બોજથી તબિયત નરમ-ગરમ રહે. ઉઘરાણીની ચિંતા સતાવે. સમાજમાં સામાન્ય રહે. આર્થિક બાબતે સામાન્ય રહે. ટેકનોલોજીનો લાભ મળે. સંતાનોના અભ્યાસ કેરીયરમાં પ્રગતિ થાય. ઉંમરલાયકના વિવાહ થાય. વધારાની અવાક માટે મિત્રો મદદરૂપ બને. નવા ઘર, વાહન, મકાનની યોજના પાર પડે. વિદેશનાં કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓને મદદ મળે. વડીલોની મદદ જમીન, વારસા, જાયદાદના કામમાં મળે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં સામાન્ય રહે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મ થાય. જુલાઇ-ઓગસ્ટ, રવિવાર, સોમવાર, 1,10, 28 તારીખ નવા કામ માટે અનુકૂળ રહેશે. નવેમ્બર-ડિસેમ્બર શુક્રવાર-શનિવાર, 7, 16,25 તારીખે નવા કામ ટાળવા, સોનેરી ભૂરા રંગનો ઉપયોગ કરતા રહેવું. કાળા રંગનો ઉપયોગ ટાળવો.


**સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા / सेन्ट्रल बैंक ऑफ इंडिया / Central Bank of India**
ઘોડ દોડ રોડ શાખા : હરમૈન ગાર્ડન એપાર્ટમેન્ટ, ઘોડ દોડ રોડ, સુરત-૩૯૫૦૦૭.

**પઝેશન નોટીસ**

પરિશિષ્ઠ-૪, નિયમ ૮(૧) સરફેસી એક્ટ,૨૦૦૨ જુઓ (સ્થાવર મિલકત માટે)

આથી, નીચે સહી કરનાર **સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા, ઘોડ દોડ રોડ શાખાના** અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ તથા કલમ ૧૩(૨) અને ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તા સાથે ધી સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા નિયમ ૩ સાથે વંચાણે લેતા અંતર્ગત **તા. ૨૨.૧૨.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ દ્વારા કરજદાર **શ્રી વિજયભાઇ આત્મારામ કાપડને (કરજદાર) અને શ્રીમતી ઉષાબેન વિજયભાઇ કાપડને (સહ-કરજદાર)** ને નોટીસમાં જણાવેલ રકમ **રૂા. ૮,૩૮,૨૦૭.૧૬/- (રૂા. આઠ લાખ આડત્રીસ હજાર બસો સાત અને સોળ પૈસા પુરા)** (તા. ૨૨.૧૨.૨૦૨૫ના રોજ થી મુદ્દલ ચડત વ્યાજનું પ્રતિનિધિત્વ કરે છે.) તા. ૨૨.૧૨.૨૦૨૫ થી ચડત વ્યાજ, અન્ય ચાર્જીસ સાથે નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

ઉધારકર્તા બેંકના સંપૂર્ણ લેણાની રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તા, જામીનદાર તથા જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ધી સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા કલમ ૧૩ (૪) તથા નિયમ ૮ હેઠળ મળેલ સત્તાની રૂએ **તા. ૧૭.૦૩.૨૦૨૬**ના રોજ નીચે જણાવેલ મિલકતનો **સાંકેતિક કબજો** લઇ લીધેલ છે.

ઉધારકર્તા અને જામીનદારને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને સુચિત કરવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલકતનો સોદો કરવો નહીં અને મિલકતનો સોદો કરશે તો તે **સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા** ના બાકી લેણા **રૂા. ૮,૩૮,૨૦૭.૧૬/- (રૂા. આઠ લાખ આડત્રીસ હજાર બસો સાત અને સોળ પૈસા પુરા)** (તા. ૨૨.૧૨.૨૦૨૫ ના રોજ થી મુદ્દલ ચડત વ્યાજનું પ્રતિનિધિત્વ કરે છે.) તા. ૨૨.૧૨.૨૦૨૫ થી ચડત વ્યાજ,અન્ય ચાર્જીસ વગેરેના બોજા સહિત રહેશે.

અહીં કરજદારનું ધ્યાન આકરુષ્ટ કરવામાં આવે છે તે જણાવેલ સમય મર્યાદામાં સેકસન ૧૩ના સબ સેક્શન (૮) સરફેસી એક્ટ હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતના બાકી લ્હેણાં ભરપાઇ કરી પાછી મેળવી શકો છો.

**સ્થાવર મિલકતની વિગત**

શ્રીમતી ઉષાબેન વિજયભાઇ કાપડને અને શ્રી વિજયભાઇ આત્મારામ કાપડને ની માલિકીની મિલકત જે પ્લોટ નં. ૧૫૪ (કેજેપી મુજબ બ્લોક નં. ૭૨/૧૫૪) ક્ષેત્રફળ ૪૮ સ્કે. યાર્ડ યાને કે ૪૦.૧૫ સ્કે.મીટર સાથે અવિભાજીત સરખા ભાગનો હિસ્સા વાળી ક્ષેત્રફળ ૨૩.૫૬ સ્કે. મીટર, રોડ અને સી.ઓ.પી. વાળી આરાધના ગ્લોરિયસ, જે સ્થિત જમીનનો આર. એસ. નં. ૬૩, બ્લોક નં. ૭૨, ક્ષેત્રફળ ૪૮૩૯૯ સ્કે.મીટર, ગામ-જોલવા, તાલુકા-પલસાણા જિ. સુરત ખાતે આવેલ સ્થાવર મિલકત.

ચતુરસીમા : ● પુર્વે : સોસાયટીનો રસ્તો ● પશ્ચિમે : પ્લોટ નં. ૧૪૧ ● ઉત્તરે : પ્લોટ નં. ૧૫૫ ● દક્ષિણે : પ્લોટ નં. ૧૫૩

તારીખ : ૧૭.૦૩.૨૦૨૬ સહી/- અધિકૃત અધિકારી,
સ્થળ : સુરત (વિવાદીત સ્થિતી અંગ્રેજી જાહેર ખબર માન્ય રહેશે.) સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા



**આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ** — IDFC FIRST Bank
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઇડીએફસી બેંક લિમિટેડ સાથે સંમિશ્રિત)
CIN L65110TN2014PLC097792
નોંધાયેલ ઓફિસ: કેઆરએમ ટાવર્સ, 8મો માળ, હેરિંગ્ટન રોડ, ચેતપેટ, ચેન્નાઇ - 600031. ફોન: +91 44 4564 4000 | ફેક્સ: +91 44 4564 4022

**પરિશિષ્ટ IV [નિયમ 8(1)] કબ્જા નોટિસ (સ્થાવર મિલકત માટે)**

જ્યારે અધોહસ્તાક્ષરિત આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઇડીએફસી બેંક લિમિટેડ સાથે સંમિશ્રિત) ના અધિકૃત અધિકારી હોવાને નાતે, સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ અને સદર કાયદાની કલમ 13(12) હેઠળ મળેલી સત્તાની રૂએ તેમજ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના [નિયમ 3] સાથે વાંચતા, લેણદારો/સહ-લેણદારો અને જામીનદારોને નીચે મુજબની ડિમાન્ડ નોટિસ પાઠવી હતી, જેમાં નોટિસ મળ્યાની તારીખથી 60 દિવસની અંદર નીચે મુજબની રકમ વત્તા ડિમાન્ડ નોટિસની તારીખથી ચુકવણી/વસૂલાત સુધીના વ્યાજ અને અન્ય ખર્ચ સહિતની રકમ ચૂકવવા જણાવાયું હતું.

લેણદાર/સહ-લેણદારો/જામીનદારો રકમ પરત કરવામાં નિષ્ફળ રહ્યા હોવાથી લેણદાર/સહ-લેણદારો/જામીનદારો અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે અધોહસ્તાક્ષરિત દ્વારા સદર કાયદાની કલમ 13 ની પેટા-કલમ (4) હેઠળ મળેલી સત્તાની રૂએ તેમજ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 8 સાથે વાંચતા, નીચે વર્ણવેલી મિલકતનો કબજો આ નોટિસ દ્વારા લઇ લેવામાં આવ્યો છે.

| લોન ખાતા નંબર | લેણદાર/સહ-લેણદાર અને જામીનદારોના નામ | ગીરો રાખેલ મિલકતોનું વર્ણન | ડિમાન્ડ નોટિસ તારીખ | ડિમાન્ડ નોટિસ બાકી રકમ (રૂપિયા) | કબજો લીધાની તારીખ અને પ્રકાર |
|---|---|---|---|---|---|
| 10164234427 & 10164235782 | 1. મેસર્સ શ્રી બાલાજી ટ્રેડિંગ કંપની, 2. વિજય અગ્રવાલ, 3. કુસુમ અગ્રવાલ, 4. મિરલ અગ્રવાલ | આઇટમ-1: ફ્લેટ નં. A/901, 9મો માળ, બિલ્ડિંગ નં. A, ક્ષેત્રફળ 1560 ચોરસ ફૂટ એટલે કે 144.92 ચોરસ મીટર (સુપર બિલ્ટ અપ એરિયા) અને 936 ચોરસ ફૂટ એટલે કે 86.95 ચોરસ મીટર (કાર્પેટ એરિયા) અને 1123 ચોરસ ફૂટ એટલે કે 104.33 ચોરસ મીટર (બિલ્ટ-અપ એરિયા, પ્લાન મુજબ ફ્લેટ સાથે જોડાયેલ ટેરેસ વાપરવાના અધિકાર સહિત) (ટેરેસનો કાર્પેટ એરિયા આશરે 1000 ચોરસ ફૂટ અને બિલ્ટ અપ એરિયા આશરે 1400 ચોરસ ફૂટ એટલે કે 130.06 ચોરસ મીટર છે) જમીનમાં અવિભાજિત હિસ્સા સાથે, "આગમ વાઇલ્ડ ફ્લાવર", જે જૂના રેવન્યુ સર્વે નંબર 422, સુધારિત રેવન્યુ સર્વે નંબર 315, ટી.પી. સ્કીમ નંબર 6 (વેસુ), મૂળ પ્લોટ નંબર 18, ફાયનલ પ્લોટ નંબર 19 વાળી જમીન પર આવેલ છે, મોજે: ગામ વેસુ, જિલ્લો: સુરત, રાજ્ય: ગુજરાત-395007. | 26.09.2025 | Rs. 1,12,87,723.00/- | 14.03.2026 ભૌતિક કબજો |
| 10164234427 & 10164235782 | 1. મેસર્સ શ્રી બાલાજી ટ્રેડિંગ કંપની, 2. વિજય અગ્રવાલ, 3. કુસુમ અગ્રવાલ, 4. મિરલ અગ્રવાલ | આઇટમ-2: સ્થાવર મિલકતનો તમામ ભાગ અને પાર્સલ, ઓફિસ નં. 104, ક્ષેત્રફળ 240.00 ચોરસ ફૂટ (સુપર બિલ્ટ અપ એરિયા) અને 180.45 ચોરસ ફૂટ એટલે કે 16.00 ચોરસ મીટર (કાર્પેટ એરિયા) જમીનમાં 2.96 ચોરસ મીટરના અવિભાજિત હિસ્સા સાથે, "જીવનદીપ" તરીકે ઓળખાતી બિલ્ડિંગના પ્રથમ માળે, જે નોંધ નંબર 1415/A-1 વાળી જમીન પર આવેલ છે, હનુમાન શેરી રિંગ રોડ, વોર્ડ નંબર 2, જિલ્લો: સુરત, પેટા-જિલ્લો અને તાલુકો: ચોર્યાસી, જિલ્લો: સુરત, રાજ્ય: ગુજરાત-395002, અને જેની ચતુર્દિશા આ મુજબ છે: પૂર્વ: સીરીયલ નંબર 1415/B ની મિલકત, પશ્ચિમ: વોર્ડ નંબર 2 ની 1417 થી 20 ની મિલકત, ઉત્તર: હનુમાન શેરીનો જાહેર રસ્તો, દક્ષિણ: રિંગ રોડ. | 26.09.2025 | Rs. 1,12,87,723.00/- | 15.03.2026 ભૌતિક કબજો |

ખાસ કરીને લેણદાર/સહ-લેણદારો/જામીનદારો અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓ આ મિલકત સાથે કોઇપણ વ્યવહાર ન કરે અને મિલકત સાથેનો કોઇપણ વ્યવહાર આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઇડીએફસી બેંક લિમિટેડ સાથે સંમિશ્રિત)ના ડિમાન્ડ નોટિસમાં દર્શાવેલ રકમ અને તેના પરના ચુકવણી સુધીના વ્યાજ અને અન્ય ખર્ચના બોજાને આધીન રહેશે.

સહી/- અધિકૃત અધિકારી,
તારીખ: 14.03.2026 અને 15.03.2026 આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
સ્થળ: સુરત, ગુજરાત (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઇડીએફસી બેંક લિમિટેડ સાથે સંમિશ્રિત)



**बैंक ऑफ़ बड़ौदा / Bank of Baroda**
પુણા શાખા : દુકાન નં.જી-૧૫, ૧૬ અને ૧૭, શુભ પ્લાઝા, ભૈયા નગર, પુણાગામ, સુરત-૩૯૫૦૧૦ ફોન: ૦૨૬૧-૨૮૫૧૯૧૧
Email ID : dbpuna@bankofbaroda.com

**કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)** [(કલમ ૧૩(૪) સીક્યુરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ-૮(૧) હેઠળ]

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડાના** અધિકૃત અધિકારીએ સિકયુરીટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઇન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ (૨૦૦૦ ના ૫૪) અને તેમને મળેલ સત્તા હેઠળ આ ધારાની કલમ ૧૩(૧૨) સિકયુરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઇ **તા.૧૯.૦૬.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને **દેવાદારો/ ગીરવેદાર શ્રી ધ્યાનેશ્વર રામદાસ પાટીલ (દેવાદાર) અને શ્રીમતી ભાવનાબેન ધ્યાનેશ્વર પાટીલ (સહ-દેવાદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૮,૯૨,૮૨૩.૭૧/- (રૂપિયા આઠ લાખ બાણું હજાર આઠસો ત્રેવીસ અને ઇકોત્તેર પૈસા પુરા)** વત્તા વ્યાજ અને અન્ય ચાર્જીસ આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારા ૧૩ ની પેટા કલમ (૪) સિકયુરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઇ **તારીખ ૧૫મી માર્ચ ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને કલમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઇ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઇ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઇપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડાની રકમ રૂા.૮,૯૨,૮૨૩.૭૧/-** વત્તા વ્યાજ અને અન્ય ચાર્જીસ ને આધિન રહેશે.

**સ્થાયી મિલકતનું વર્ણન**

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે 'આરાધના અંબે વેલી' નો પ્લોટ નં. ૨૮૮ (કેજેપી નો બ્લોક ૧૦૯/૨૮૮) માપ આશરે ૪૦.૧૮ ચો.મીટર બરાબર ૪૮.૦૦ ચો.વાર, રોડ અને સીઓપી જમીનના ૨૪.૧૯ ચો.મી પ્રમાણસર વણવહેંચાયેલ હિસ્સા સહિતનું બ્લોક નં. ૧૦૯ (રેવન્યુ સર્વે. નં. ૫૨/૨) માપ ૨૯૩૪૦.૦૦ ચો.મીટર, મોજે ગામ મોટા, સબ ડિસ્ટ્રીકટ બારડોલી, જી.સુરત ખાતે આવેલ છે. જે મિલકતની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : જોડેનો પ્લોટ નં.૨૯૧, **પશ્ચિમ તરફ** : જોડેનો સોસાયટી નો રોડ, **ઉત્તર તરફ** : જોડેનો પ્લોટ નં.૨૮૯, **દક્ષિણ તરફ** : જોડેનો પ્લોટ નં.૨૮૭ આવેલ છે.

તા. ૧૫.૦૩.૨૦૨૬ | સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, પૂણા શાખા, સુરત.



**बैंक ऑफ़ बड़ौदा / Bank of Baroda**
એમએસએમઇ શાખા : જી-૧/બી અને ૧/એ, સુરાના ઇન્ટરનેશનલ, સહારા દરવાજા, રીંગ રોડ, સુરત-૩૯૫૦૦૨
email id :vjmsur@bankofbaroda.com

[સીકયુરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ રૂલ્સ ૨૦૦૨] ના (રૂલ ૮(૧) હેઠળ કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિકયુરાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઇન્ટરેસ્ટ એકટ અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩(૧૨) સિકયુરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઇ **તા.૧૩.૦૮.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/જામીનદાર **શ્રીમતી પુનમ જયપ્રકાશ તિવારી (દેવાદાર અને ગીરવેદાર) અને શ્રી સુનીલ કપિલદેવ ઉપાધ્યાય (જામીનદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૮,૮૩,૩૭૯.૦૭/- (રૂા. આઠ લાખ ત્યાસી હજાર ત્રણસો ઓગણાએંસી અને સાત પૈસા પુરા)** વત્તા લાગુ નહી કરેલ વ્યાજ અને અન્ય ચાર્જીસ સહિત આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારો/જામીનદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) સિકયુરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઇ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૧૫ મી માર્ચ ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઇ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઇ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઇપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા,**ની રકમ **રૂા.૮,૮૩,૩૭૯.૦૭** વત્તા લાગુ નહી કરેલ વ્યાજ અન્ય ચાર્જીસને આધિન રહેશે.

**સ્થાવર મિલકતનું વર્ણન**

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે શ્રી ગોવર્ધન ડ્રિમ રેસીડન્સી નો પ્લોટ નં. ૩૦૩ માપ ૪૮.૦૨ ચો. વાર (કેજેપી બ્લોક નં. ૩૭૬/૩૦૩ મુજબ માપ ૪૦.૧૫ ચો.મીટર) રોડ/રસ્તા અને સી.ઓ.પીના પ્રમાણસર વણવહેંચાય હિસ્સા સહિત માપ ૨૬.૨૩ ચો.મીટર, રેવન્યુ સર્વે નં. ૨૯૩, બ્લોક નં.૩૫૩/એ, પછી રી-સર્વે બ્લોક નં. ૩૭૬ માપ ૨૫૯૩૬ ચો.મીટર મોજે ગામ હલધરૂ, સબ ડિસ્ટ્રીકટ તા. કામરેજ, જી. સુરત ખાતે આવેલ છે જેની ચતુર્દિશા : **પુર્વ તરફ** : જોડેનો પ્લોટ નં. ૨૮૬, **પશ્ચિમ તરફ** : જોડેનો સોસાયટી નો રોડ, **ઉત્તર તરફ** : જોડેના પ્લોટ નં. ૩૦૨, **દક્ષિણ તરફ** : જોડનો પ્લોટ નં. ૩૦૪

તા. ૧૫/૦૩/૨૦૨૬ | સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, એમએસએમઇ શાખા